દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૨૯ એપ્રિલ, ૨૦૨૬

# વધુ એક FTA: ન્યૂઝીલેન્ડ સાથે મુક્ત વેપાર કરાર

છેલ્લા કેટલાક સમયમાં અનેક દેશો સાથે ભારતના મુક્ત વેપાર કરાર(એફટીએ) થયા છે, જેમાં હવે ન્યૂઝીલેન્ડ સાથેનો આવો કરાર પણ ઉમેરાયો છે. આમ તો આ કરાર અંગે અગાઉ સમજૂતિ થઇ ગઇ હતી, સોમવારે તેના પર હસ્તાક્ષર થયા છે. આ સમજૂતી હેઠળ ટેક્સટાઇલ, ચામડાના ફૂટવેર, રત્નો અને આભૂષણો સહિત નિકાસ થતી ભારતની ૧૦૦ ટકા સ્થાનિક ચીજવસ્તુઓને ન્યુઝીલેન્ડમાં ડ્યુટી-ફ્રી પ્રવેશ મળશે. ન્યૂઝીલેન્ડની પણ અનેક વસ્તુઓને ભારત ઓછા આયાત વેરા સાથે ભારતીય બજારમાં પ્રવેશ આપશે. આ પહેલા અનેક દેશો સાથે ભારતના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થઇ ચુક્યા છે. ૨૦૨૬ની શરૂઆત સુધીમાં, ભારતે તેના વેપાર નેટવર્કનો આક્રમક રીતે વિસ્તાર કરીને ૩૮ દેશોને આવરી લેતા ૯ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ (FTAs) કર્યા છે, જેમાં સેવાઓ, રોકાણ અને ડિજિટલ વેપાર પર ભાર મૂકતી નવી પેઢીના સોદાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તાજેતરની મહત્વની સફળતાઓમાં યુકે CEPA (જુલાઈ ૨૦૨૫), ઓમાન CEPA (ડિસેમ્બર ૨૦૨૫) અને EFTA TEPA-યુરોપિયન યુનિયનના દેશોના એક જૂથ સાથે સાથે (ઓક્ટોબર ૨૦૨૫) નો સમાવેશ થાય છે. ઉપરાંત જાન્યુઆરી, ૨૦૨૬માં યુરોપિયન યુનિયન સાથે મહત્વનો એફટીએ થયો છે.

ન્યૂઝીલેન્ડ સાથેની સમજૂતી આ વર્ષના અંત સુધીમાં અમલી બનવાની ધારણા છે, કારણ કે તેને ન્યુઝીલેન્ડની સંસદની મંજૂરીની જરૂર છે. ભારતમાં, કેન્દ્રીય કેબિનેટ વેપાર સમજૂતીને મંજૂરી આપે છે. જ્યારે ન્યૂઝીલેન્ડમાં વેપાર કરારને સંસદની મંજૂરીની જરૂર રહે છે. જો કે ન્યુઝીલેન્ડમાં ઘર આંગણે લક્ઝન સરકારના ગઠબંધન ભાગીદાર, 'ન્યુઝીલેન્ડ ફર્સ્ટ' એ આ સમજૂતીનો જાહેરમાં વિરોધ કર્યો છે. પરંતુ જાણવા મળે છે કે ન્યુઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્ઝને આ કરાર માટે મુખ્ય વિરોધ પક્ષ 'લેબર પાર્ટી'નું સમર્થન મેળવી લીધું છે. આ કરારને સંસદમાં મંજૂર કરાવવા માટે પુરતી બહુમતિ મળી રહેશે એવો વિશ્વાસ ન્યૂઝીલેન્ડના વેપાર મંત્રી ટોડ મેકલેએ વ્યક્ત કર્યો છે. કોઈ વેપાર કરારમાં બીજી વખત એવું બન્યું છે કે ભારતને ૧૫ વર્ષમાં ૨૦ અબજ યુએસ ડોલરના એફડીઆઈ (ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ)ની પ્રતિબદ્ધતા મળી છે. અગાઉ ચાર યુરોપિયન દેશોના બ્લોક 'EFTA' સાથેના કરારમાં ભારતને ૧૦૦ અબજ યુએસ ડોલરની આવી જ પ્રતિબદ્ધતા મળી હતી. ભારત-ન્યુઝીલેન્ડ સમજૂતી પર વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને ન્યુઝીલેન્ડના મુલાકાતી વેપાર અને રોકાણ મંત્રી ટોડ મેકલે દ્વારા અહીં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સમજૂતીથી પાંચ વર્ષમાં વસ્તુઓ અને સેવાઓના દ્વિપક્ષીય વેપારને બમણો કરીને ૫ અબજ યુએસ ડોલર સુધી પહોંચાડવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે. આ સમજૂતી પર ટિપ્પણી કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેનાથી ખેડૂતો, યુવાનો, મહિલાઓ, MSME, કારીગરો, સ્ટાર્ટઅપ્સ, વિદ્યાર્થીઓ અને સંશોધકોને ઘણો ફાયદો થશે.અગાઉ, ન્યુઝીલેન્ડ સિરામિક્સ, કાર્પેટ, ઓટોમોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ્સ સહિતની મુખ્ય ભારતીય નિકાસ પર ૧૦ ટકા સુધીનો મહત્તમ ટેરિફ રાખતું હતું. હવે ન્યુઝીલેન્ડના અન્ય વ્યાપારી ભાગીદારોની જેમ જ શૂન્ય-ડ્યુટી માર્કેટ એક્સેસ મળતા, ભારતીય ઉત્પાદનો તે દેશમાં સંપૂર્ણ સ્પર્ધાત્મક બનશે અને સમાન તકોનો લાભ મેળવશે. નોંધપાત્ર રીતે, ભારતે તેના ઉત્પાદન ક્ષેત્ર માટે લાકડાના લોગ્સ, કોકિંગ કોલસો અને ધાતુઓના સ્ક્રેપ સહિતના ડ્યુટી-ફ્રી ઇનપુટ્સ પણ સુરક્ષિત કર્યા છે, જે ઉત્પાદન ખર્ચ ઘટાડશે અને ભારતીય ઉદ્યોગની વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં વધારો કરશે. ભારતે ૯૫ ટકા દ્વિપક્ષીય વ્યાપાર મૂલ્યને આવરી લેતી ૭૦.૦૩ ટકા ટેરિફ લાઇન પર ટેરિફ ઉદારીકરણની ઓફર કરી છે, જ્યારે ભારતના સંવેદનશીલ ક્ષેત્રોના રક્ષણ માટે ૨૯.૯૭ ટકા ટેરિફ લાઇનને બાકાત રાખી છે. ન્યુઝીલેન્ડની ૩૦ ટકા ટેરિફ લાઇન પર ભારત લાકડું, ઉન, ઘેટાનું માંસ અને કાચું ચામડું જેવી વસ્તુઓ પર ડ્યુટી નાબૂદ કરશે. તેવી જ રીતે, ૩૫.૬૦ ટકા ટેરિફ લાઇન પર ૩, ૫, ૭ અને ૧૦ વર્ષ દરમિયાન તબક્કાવાર નાબૂદી કરવામાં આવશે, જેમાં પેટ્રોલિયમ તેલ, માલ્ટ એક્સટ્રેક્ટ, વનસ્પતિ તેલ, પસંદગીની ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલ મશીનરી અને પેપ્ટોન્સનો સમાવેશ થાય છે. ન્યુઝીલેન્ડના ઉત્પાદનો કે જેને ટેરિફમાં ઘટાડો મળશે તેમાં વાઇન, ફાર્માસ્યુટિકલ દવાઓ, પોલિમર, આયર્ન અને સ્ટીલની વસ્તુઓનો સમાવેશ થાય છે, જ્યારે માત્ર ૦.૦૬ ટકા વસ્તુઓ ટેરિફ રેટ ક્વોટા હેઠળ આવશે, જેમાં માનુકા હની, સફરજન, કીવી ફ્રૂટ અને આલ્બ્યુમિનનો સમાવેશ થાય છે. આ એફટીએમાં ભારતમાં ૨૦ અબજ ડોલરના રોકાણને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા પણ સામેલ છે. રોકાણના લક્ષ્યાંકમાં કોઈ પણ અછતને દૂર કરવા માટે કરારમાં 'રીબેલેન્સિંગ ક્લોઝ'નો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી મજબૂત અને નક્કર આર્થિક પરિણામો સુનિશ્ચિત કરી શકાય.

ન્યૂઝિલેન્ડને ડ્યુટી છૂટછાટ આપવામાંથી ભારતના અમુક સંવેદનશીલ ક્ષેત્રોના રક્ષણ માટે અમુક ઉત્પાદનોને બાકાત રાખવામાં આવ્યા છે. સંવેદનશીલ ક્ષેત્રોના રક્ષણ માટે ૨૯.૯૭ ટકા ટેરિફ લાઇનને બાકાત રાખવામાં આવી છે. જે ઉત્પાદનોને બાકાત રાખવામાં આવ્યા છે તેમાં મુખ્યત્વે ડેરી (દૂધ, ક્રીમ, દહીં, ચીઝ વગેરે), પ્રાણીજ ઉત્પાદનો (ઘેટાના માંસ સિવાય), કૃષિ ઉત્પાદનો (ડુંગળી, ચણા, વટાણા, મકાઈ, બદામ), ખાંડ, કૃત્રિમ મધ, પ્રાણીજ કે વનસ્પતિ તેલ, શસ્ત્રો અને દારૂગોળો, જેમ્સ એન્ડ જ્વેલરી, તાંબુ અને તેની વસ્તુઓ તેમજ એલ્યુમિનિયમ અને તેની વસ્તુઓનો સમાવેશ થાય છે. જો ભારતમાં ન્યૂઝીલેન્ડના કૃષિ ઉત્પાદનો બેરોકટોક ઠલવાય તો ભારતના ખેડૂતોના હિતો જોખમાય તેમ છે તેથી તેમના રક્ષણ માટે વ્યવસ્થા થઇ તે સારું થયું છે. આશા રાખીએ આ કરાર બંને દેશો માટે લાભકારી નિવડે.

## કઈ કરી શકતા હો તો કરો



એક ઝેન ગુરુ એક ગાર્ડનમાં ફૂલના છોડ વાવી રહ્યા હતા.તેમની પાસે એક યુવાન આવ્યો અને બોલ્યો, 'ગુરુજી આપ દરેક સમસ્યાનું સમાધાન કરો છો અને રસ્તો કાઢી આપો છો સાચી વાત છે તમે એવું તે શું કરો છો કે બધાની સમસ્યાઓ દુર થઈ જાય છે ??' ઝેન ગુરુ બોલ્યા, 'હું કઈ કરતો નથી પણ હું તો લોકોને માત્ર સાચી વાત સમજાવું છું.' યુવાન બોલ્યો, 'ગુરુજી તો તો તમે મારી સમસ્યા હમણાં જ સાંભળો અને મને માર્ગ દેખાડો.'ઝેન ગુરુ કઈ બોલે તે પહેલા યુવાન પોતાના જીવનની સમસ્યાઓ વિષે બોલવા લાગ્યો અને બોલતો જ રહ્યો. ઝેનગુરુ પણ વચ્ચે કઈ બોલ્યા વિના તેની વાત સાંભળતા સાંભળતા પોતાનું છોડ વાવવાનું કામ કરતા રહ્યા.ઘણીવાર સુધી યુવાન બોલતો રહ્યો અને તેને જોયું કે ઝેનગુરુ તો કઈ બોલ્યા વિના પોતાનું જ કામ કરે છે.તેણે ખિન્ન મને કહ્યું, 'ગુરુજી હું તમને મને સતાવતી સમસ્યાઓ કહી રહ્યો છું અને તમે કઈ બોલતા નથી બસ તમારું કામ કરી રહ્યા છો.મારી વાત પર ધ્યાન આપો અને મને કૈક તો માર્ગ દેખાડો.' ઝેનગુરુ શાંતિથી બોલ્યા, 'શાંત થા, હું મારું કામ કરી રહ્યો છું પણ મેં તારી બધી વાત સાંભળી છે.હવે તું મારા સવાલનો જવાબ આપ. સવાલ છે કે તું જે આ બધી સમસ્યાઓની ચિંતા કરી રહ્યો છે તે બાબતે તું જાતે હમણાં જ કઈ કરી શકે તેમ છે ???'યુવાન થોડીવાર વિચારમાં પડી ગયો પછી ધીમેથી બોલ્યો, 'ગુરુજી અમુક સમસ્યાઓ બાબતે હું કઈ કરી શકું તેમ છું જેમ કે આવક ઓછી છે તો વધારે મહેનત કરી શકું.' ઝેનગુરુ બોલ્યા, 'શાબાશ જે બાબતે તું જાતે કઈ કરી શકે તેમ હોય તો હમણાં જ કરવા માંડ.' યુવાન બોલ્યો, 'ગુરુજી જે સમસ્યાઓ બાબતે હું હમણાં કઈ જ કરી શકું તેમ નથી તેનું શું કરવું ??' ઝેનગુરુ બોલ્યા, 'જે સમસ્યાઓ બાબતે તું હમણાં કઈ જ કરી શકે તેમ નથી, જે પરિસ્થિતિ કે મુશ્કેલી કે ભવિષ્યની ચિંતા તારા હાથમાં નથી જે બાબતે તું અત્યારે કઈ કરી શકે તેમ જ નથી તેનો વિચાર શા માટે?? તેને 'છોડી દે'ખોટા વધુ પડતા વિચારો ચિંતા જ આપશે અમે કઈ કર્યા વિના માત્ર વિચાર કરતા બેસી રહીશ તો જીવન સમસ્યાઓથી ભરેલું જ લાગશે માટે જે સમસ્યાને દુર કરવા કઈ કરી શકો છો તો આજે જ કરો ....અને નથી કરી શકતા તો તેને છોડી દો...ભૂલી જાવ ..સ્વીકારી લો અને આગળ વધો.'ઝેનગુરુએ સાચે જ બધી સમસ્યાઓ દુર થઈ જાય તેવો માર્ગ દેખાડ્યો.

**ચાર્જિંગ પોઇન્ટ**
**હેતા ભૂષણ**

# શું આમ આદમી પાર્ટી તેના પતન તરફ જઈ રહી છે?

24 એપ્રિલના રોજ, રાઘવ ચઢ્ઢા સહિત 10માંથી 7 રાજ્યસભા સભ્યો અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી (આપ) છોડીને ભારતીય જનતા પાર્ટી (બીજેપી) માં જોડાયા. 2013માં 'જાહેર જીવનમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવા'ના ઉદ્દેશ્ય સાથે સ્થપાયેલી આ પાર્ટીના ટોચના નેતાઓનું આ પ્રથમ મોટું પલાયન હતું.

આ ઘટના અચાનક અને આંચકાજનક લાગતી હતી, પરંતુ વાસ્તવમાં તે લાંબા સમયથી ચાલતા સત્તા સંઘર્ષ, વ્યક્તિગત મતભેદો અને અરવિંદ કેજરીવાલ તથા તેમના નેતાઓ વચ્ચે વધતા અવિશ્વાસનું પરિણામ હતું. આ કટોકટીના મૂળ 2024માં શોધી શકાય છે. અન્ય એક રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે આરોપ લગાવ્યો હતો કે 13 મે, 2024ના રોજ તત્કાલીન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાને તેમના એક નજીકના સહયોગી દ્વારા તેમના પર શારીરિક હુમલો કરાવવામાં આવ્યો હતો.

જોકે, 2024માં આબકારી નીતિના કેસમાં કેજરીવાલની ધરપકડ બાદ કેજરીવાલનું કદ ઝડપથી ઘટ્યું હતું. જ્યારે કેજરીવાલ, મનીષ સિસોદિયા અને સંજય સિંહ જેવા ટોચના નેતાઓ કાયદાકીય મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા ત્યારે કટોકટીના તબક્કે અંતર જાળવી રાખવાના આરોપમાં તેમને પંજાબ બાબતોના સહ-પ્રભારી અને ચૂંટણી વ્યૂહરચનાકાર જેવી મુખ્ય ભૂમિકાઓમાંથી ધીમે ધીમે હટાવી દેવામાં આવ્યા હતા.

પરિણામે, ભાજપને રાષ્ટ્રીય રાજધાનીમાં મોટો જનાદેશ મળ્યો.

દિલ્હીની ચૂંટણી હાર્યા પછી પણ લ્યુટિયન્સ દિલ્હીના બંગલામાં રહેવાના કેજરીવાલની જિદથી તેમના વિરોધીઓની એ વાત સાચી સાબિત થઈ કે વીઆઈપી કલ્ચર ખતમ કરવાની તેમની પ્રતિજ્ઞાઓમાં ઈમાનદારી ન હતી. કેજરીવાલ, જેમણે ભારતીય મહેસૂલ સેવા (આઈઆરએસ) છોડીને એનજીઓ બનાવ્યું અને બાદમાં આપની સ્થાપના કરી, તેઓ માત્ર 'ચૂંટણી જીતવાની ક્ષમતા' પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગતા હતા. જ્યારે ભૂષણ અને યાદવ ઈચ્છતા હતા કે દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગીમાં ઈમાનદારી મુખ્ય હોવી જોઈએ.

ત્યારથી લઈને અત્યાર સુધી, કવિમાંથી રાજકારણી બનેલા કુમાર વિશ્વાસ જેવા ટોચના નેતાઓએ પક્ષ છોડી દીધો. જાહેર ફાળાથી શરૂ થયેલી આપ એ વેપારી વર્ગમાંથી નોંધપાત્ર નાણાં એકત્ર કર્યાં અને તેને ઉત્તરાખંડ, ગોવા અને હિમાચલની ચૂંટણીમાં ખર્ચ કર્યાં. આ નાણાંના સ્ત્રોત વિશે કોઈ સ્પષ્ટ જાણકારી ન હતી. ભાજપે આરોપ લગાવ્યો હતો કે, હવે રદ કરાયેલી 2021-22ની દિલ્હી આબકારી નીતિમાંથી મળેલી લાંચનો ઉપયોગ આપએ 2022ની ગોવા ચૂંટણી પ્રચારમાં કર્યો હતો, જેનાથી ભ્રષ્ટાચાર વિરોધી પ્લેટફોર્મ પર સ્થપાયેલી પાર્ટીને મોટો ફટકો પડ્યો હતો. ટ્રાયલ કોર્ટે આ વર્ષે ફેબ્રુઆરીમાં આબકારી નીતિના કેસમાં કેજરીવાલ અને અન્ય આપ નેતાઓને નિર્દોષ જાહેર કર્યા હતા. જોકે, નિર્દોષ છૂટવાની ખુશી અલ્પજીવી સાબિત થઈ કારણ કે રાજ્યસભાના સભ્યો, મુખ્યત્વે પંજાબના, પક્ષ છોડીને ચાલ્યા ગયા - પંજાબ એ એકમાત્ર રાજ્ય છે જ્યાં અત્યારે પક્ષ સત્તામાં છે.

**ફિંગર પ્રિન્ટ**
**શેખર ઐયર**

### કેજરીવાલની રાજકીય કસોટી: પંજાબ અને દિલ્હીમાં વધતી મુશ્કેલીઓ, વિચારધારાથી સત્તાના સંઘર્ષ સુધી: આપની આંતરિક તિરાડોનું સત્ય

2017માં પંજાબમાં આપ કોંગ્રેસ અને શિરોમણિ અકાલી દળ (એસએડી)ના વિકલ્પ તરીકે ઊભરી આવી હતી. તેણે 117 સભ્યોની વિધાનસભામાં 20 બેઠકો જીતીને એસએડીને હટાવી મુખ્ય વિરોધ પક્ષનું સ્થાન લીધું હતું. તક જોઈને આપએ તમામ સંસાધનોને કામે લગાવી દીધા અને 2022ની પંજાબ વિધાનસભા ચૂંટણી જીતી લીધી. કેજરીવાલે રાઘવ ચઢ્ઢાને પંજાબ સરકારની કામગીરી પર નજર રાખવાની જવાબદારી સોંપી હતી. એક સમયે ચઢ્ઢાને મુખ્યમંત્રી ભગવંત માન કરતાં પણ વધુ શક્તિશાળી માનવામાં આવતા હતા.

ગડબડ ક્યાં થઈ? દિલ્હીમાં સત્તા ગુમાવ્યા બાદ કેજરીવાલે ભંડોળ માટે પંજાબ પર વધુ ધ્યાન આપવાનું શરૂ કર્યું. કેન્દ્રીય એજન્સીઓએ રાઘવ ચઢ્ઢાના દિલ્હી જલ બોર્ડના ઉપાધ્યક્ષ તરીકેના કાર્યકાળ દરમિયાન કથિત અનિયમિતતાઓની તપાસ શરૂ કરી. કેજરીવાલને જાણવા મળ્યું કે, રાઘવ ચઢ્ઢા ભાજપ સાથે પાછલા બારણે સંપર્ક સાધવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જ્યારે પક્ષના અનેક નેતાઓ ધરપકડનો સામનો કરી રહ્યા હતા અથવા જેલમાં હતા.

2025ની દિલ્હી વિધાનસભા ચૂંટણી દરમિયાન આંખની બીમારીના બહાને રાઘવ ચઢ્ઢાની ગેરહાજરી અને ભાજપ સામે લડવાનો ઈનકાર કરવાને કારણે કેજરીવાલ સાથેના સંબંધો વધુ વણસ્યા હતા. આખરે, ત્રણ અઠવાડિયાં પહેલાં, કેજરીવાલે રાઘવ ચઢ્ઢાને રાજ્યસભામાં નાયબ નેતા તરીકે હટાવી દીધા. કેજરીવાલને અગાઉથી જ અંદાજ હતો કે રાઘવ ચઢ્ઢા પંજાબની ચૂંટણી પહેલા ભાજપમાં જોડાશે.

જોકે, કેજરીવાલને એ અંદાજ ન હતો કે, લવલી યુનિવર્સિટીના સ્થાપક-ચાન્સેલર અને રાજ્યસભાના સભ્ય અશોક મિત્તલ પક્ષ છોડશે. તેવી જ રીતે, અન્ય એક રાજ્યસભા સભ્ય અને રાષ્ટ્રીય સચિવ સંદીપ પાઠક, જેઓ છેલ્લી પંજાબ ચૂંટણીના પ્રભારી હતા, તેમણે પણ પક્ષ છોડ્યો. ભાજપમાં તેમનું જોડાવું ગુજરાતમાં મહત્તમ અસર કરવા માટે યોગ્ય સમયે ગોઠવવામાં આવ્યું છે, જ્યાં 26 એપ્રિલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાઈ હતી, જેથી એવી છાપ ઊભી કરી શકાય કે કેજરીવાલ પોતાના સાથીઓને સાથે રાખી શકતા નથી.

કેજરીવાલે એક મહિનાથી વધુ સમય સુધી ગુજરાતમાં સઘન પ્રચાર કર્યો અને આપને કોંગ્રેસ અને ભાજપના વિકલ્પ તરીકે રજૂ કર્યો. કેજરીવાલ માટે મોટો પડકાર ફેબ્રુઆરી 2027માં યોજાનારી ચૂંટણી પહેલાં પંજાબમાં પોતાના ધારાસભ્યોને એકજૂથ રાખવાનો છે. હવે પંજાબમાં પણ આપમાં વિભાજન થવાની શક્યતા છે. આપ ધારાસભ્યોમાં ભારે અસંતોષ છે. 2027ની ચૂંટણી પહેલાં વિધાયક દળમાં વિભાજનને નકારી શકાય તેમ નથી. પંજાબના જિલ્લા કક્ષાના આપ નેતાઓ પર ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા છે અને આંતરિક લડાઈના અહેવાલો પણ છે.

છેલ્લા છ મહિનામાં પંજાબમાં આપના ઓછામાં ઓછા ત્રણ નેતાઓની હત્યાએ પણ પક્ષની છબીને નુકસાન પહોંચાડ્યું છે. સરકાર ચલાવવામાં કેજરીવાલની સતત વધતી દખલગીરી એ બીજો વિવાદનો મુદ્દો છે. કેજરીવાલે તેમના સૌથી વિશ્વાસુ લેફ્ટનન્ટ મનીષ સિસોદિયાને પંજાબના મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યા છે. આ બંને નેતાઓ પંજાબમાં આપને બચાવવા માંગે છે, જેમ તેમણે 2014માં કર્યું હતું, જ્યારે કેજરીવાલે દિલ્હીના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યાના આઠ મહિના પછી પૂર્ણ બહુમતી સાથે વાપસી કરી હતી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# પ્રગતિશીલ રાજ્ય તરીકે ગુજરાત ચૂંટણી એજંડામાં નદીઓ જોડવાનું વચન આપે

**અવારનવાર**
**ડો.નાનક ભટ્ટ**

### દેશભરમાં બદલાતી ભૌગોલિક સંરચનાના લીધે હવે સ્થાનિક વરસાદી સ્થિતિનો લાભ નહીંવત્ રહ્યાનું જોવા મળે છે

4 જુલાઈ 2015 એ ગુજરાતમાં વરસાદ નહોતો તો પણ વિના વરસાદે નર્મદાબંધ બીજી વાર છલકાયો. મધ્યપ્રદેશમાં સારા વરસાદના લીધે 2,07,195 ક્યૂસેક પાણીની આવક થઈ. પરંતુ નર્મદાબંધ બંધાયો તે પહેલાં ચોમાસાની સિઝનમાં બે-એક વખત રાજપીપળા,ભરૂચ અને વડોદરા જિલ્લાનાં ગામડાંઓ પૂરપ્રકોપ તો વેઠતાં જ પણ પ્રતિ સેકંડ 70 લાખ લીટર મીઠું પાણી દરિયામાં વહી જતું.

વર્ષ 2000 સુધી ગુજરાત રાજ્યમાં એવી સ્થિતિ હતી કે શ્રાવણ અને ભાદ્રપદ ઊતરી જાય અને બનાસકાંઠા, કચ્છ, સુરેન્દ્રનગર, પોરબંદર જેવા માટીના છીછરા દળ ધરાવતા જિલ્લાઓમાં 42 % ઓછો વરસાદ થાય એટલે માલધારીઓ ઊંટ, બકરાં, ઘેંટાં, ગાય-ભેંસ સાથે સહપરિવાર દક્ષિણ ગુજરાતના નહેર કાંઠાના વિસ્તારોમાં પ્રયાણ આદરે! એટલું જ નહીં પણ રાજ્ય સરકારે પ્રતિવર્ષ રૂ. 153 કરોડનો વધારાનો ખર્ચ મંજૂર કરી ભાલ-નળ કાંઠાના વિસ્તારોમાં ટેંકરથી, તો મધ્ય સૌરાષ્ટ્રનાં અમરેલી, રાજકોટ અને ઉત્તર ગુજરાતનાં સાબરકાંઠા, બનાસકાંઠા જિલ્લાનાં ગામોમાં ભૂતળમાંથી પાણી ઉલેચવા ખેડૂતોને વધારાની વીજળી અને રાહતદરે પાઈપલાઈનની સુવિધા આપવી પડતી. આમ થતાં દુષ્કાળજન્ય સ્થિતિમાં રાહત રહેતી પણ 800 થી 1200 ફૂટ ઊંડાઈવાળું પાણી પીનાર 1.5 કરોડથી વધુ ગુજરાતીઓ ફ્લોરોસીસની રોગજન્ય સ્થિતિમાં કાયમી રીતે મુકાઈ જતાં.

દેશભરમાં બદલાતી ભૌગોલિક સંરચનાના લીધે હવે સ્થાનિક વરસાદી સ્થિતિનો લાભ નહીંવત્ રહ્યાનું જોવા મળે છે. વૈશ્વિક પર્યાવરણ, હવાનું દબાણ, ભેજ સ્થળાંતરને આધારે જે વરસાદી લાભ મળવાનો હોય તે મળે છે. ચોમાસા દરમિયાન માત્ર 95 થી 98 કલાકનો વરસાદ મળે છે. પરંતુ પાણીનો ઉપયોગ તો બાકીના 8760 કલાક કરવાનો હોય જ છે! એ સમયે ગુજરાતનાં 5505 ગામોમાં પીવાના પાણીની તંગી વારંવાર સર્જાતી આથી રાજકીય લાભાલાભને બાજુ પર રાખી નર્મદા બંધ બાંધવા સમગ્ર રાજ્યે પ્રજામત કેળવ્યો તે આજે નર્મદા યોજના સાથે જોડાએલ હાઈડ્રો પાવર સ્ટેશનમાં ડેમનાં તળિયાનાં પાણીને બાયપાસ કેનાલથી બહાર કાઢવા પ્રાવધાન રાખ્યું છે. આ માટે સી.એચ.પી. એચ. ના બાજુના ડુંગરમાંથી 90 મીટરના સીલ લેવલે ટનલ તૈયાર કરવામાં આવી છે. જેથી બંધની ઊંચાઈ વધાર્યા સિવાય બાયપાસ ટનલ દ્વારા 15,000 ક્યુસેક પાણીનો જથ્થો ગુજરાતની હદમાં આવેલ ડાયટ 1 અને 3 માં નાખી શકાય અને કેનાલ દ્વારા પ્રથમ 50,000 હેક્ટર ખેતીની જમીનમાં સિંચાઈ આપી શકાય તેવી સુવિધા થઈ છે.

પૃથ્વી ઉપર ગરમીના વધતા દબાણની સ્થિતિના કારણે જાપાન સહિત વિશ્વના 90 દેશોમાં પાણી એક પ્રશ્ન બની ચૂક્યું છે. અમેરિકી અને જર્મન પ્રજા એક દિવસમાં સરેરાશ 700 લીટર પાણી વાપરે છે ત્યાં એક ગુજરાતીના ભાગે 38 થી 47 લીટર પાણી આવે છે. બીજી તરફ યુરોપ અને ચીન સહિત ત્રીજી શક્તિ ધરાવતાં દેશોએ પોતાની જરૂરિયાત માટેનાં પાણીની વ્યવસ્થા પૂર્ણ કરી છે ત્યારે દેશવાસીઓ ગંગા, યમુના, ગોદાવરી, બ્રહ્મપુત્રા જેવા મહાકાય જળસ્રોત વચ્ચે અવિકસિત સ્થિતિમાં પડી રહ્યો છે.

પાણી એ સર્જનહારનું શ્રેષ્ઠ સર્જન છે અને સજીવોના અસ્તિત્વનો આધાર છે. પાણી ઉપર કોઈ એક માલિકી અધિકાર સ્થાપિત કરવો તે સામાજિક અવિવેક જણાય છે ત્યારે પાણીનો સંગ્રહ, વિતરણ અને વિવેકપૂર્ણ ઉપયોગને વિજ્ઞાન અને તકનિકના હવાલે કરીએ અને તમામ પ્રકારની સ્વાર્થ નીતિથી પર રહ્યું તે સમયની માંગ અને ધર્મ બને છે.

આવા જ કોઈ વ્યાપક દૃષ્ટિકોણથી વર્ષ 1980માં ભારતનાં જળ-સંસાધન મંત્રાલયે ભારતની હિમાલય ભાગની 14 નદીઓ તથા નર્મદા, દમણગંગા, કૃષ્ણા પ્રકારે ભૂસ્તરના વરસાદી પ્રભાવથી બનતી અને વહેતી 17 નદીઓ જોડવા અંગે પ્રાથમિક દસ્તાવેજ તૈયાર કર્યા. તે પછી 23 વર્ષ બાદ યોજનાકીય ખર્ચ અને આવરી લેનાર વિસ્તારની વિગતો સંકલિત થતાં વર્ષ 2003 માં સંબંધિત 18 રાજ્યો સાથે મુસદ્દાની ચર્ચા કરવામાં આવી. પંડિત જવાહરલાલ નહેરૂના વડાપ્રધાનપણા હેઠળ 1956માં તત્કાલિન સિંચાઈ મંત્રી શ્રી કે. એલ. રાવ.નું સ્વપ્ન સ્વતંત્ર ભારતના સંઘિય રાજ્યોના નિજી સ્વાર્થના લીધે 47 વર્ષ સુધી ફાઈલોમાં અટવાતું રહ્યું.

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી. જે.કલામ અને નીતિ આયોગની ઈચ્છા હોવા છતાં ત્રાવણકોરના ડુબ ક્ષેત્રનો મુદ્દો લઈ કેરલ રાજ્યે રીવર ગ્રીડ અંગે નારાજગી દર્શાવી છે. ગંગાના છેવાડાના પટ્ટીય વિસ્તારના ધોવાણ પ્રશ્નને આગળ કરી બ્રહ્મપુત્રા-ગંગાના જોડાણનો વિરોધ પશ્ચિમ બંગાળે કર્યો છે તો મહારાષ્ટ્રે કૃષ્ણા નદી સાથે પશ્ચિમી ઘાટની નદીઓને અ-વૈજ્ઞાનિક કહી NWDT નો ઉધડો લઈ નાખ્યો છે તેમ બિહારથી લાલુપ્રસાદે ઘોષણા કરી છે કે નદી જોડશો તો તેમાં પાણી નહીં અમારું લોહી વહેશે!

સંકુચિત રાજકીય લાભાલાભની દૃષ્ટિ વચ્ચે નર્મદા બંધના સુખદ અનુભવને દોહરાવતા દમણગંગા, તાપી, વિશ્વામિત્રી, ઓરસંગ, ઢાઢર, નર્મદા સહિતની દક્ષિણ ગુજરાતની બારે માસ વહેતી મુખ્ય 11 નદીઓને જોડવા ગુજરાત રાજ્યે ડહાપણ દર્શાવવું જોઈએ. ગુજરાતની ભૌગોલિક સંરચનાનો લાભ લેતાં દક્ષિણ ગુજરાતની નદીઓને જોડી દક્ષિણ ગુજરાતનું પાણી મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વાળી શકાય.

75 વર્ષ વટાવી ગયેલ ભારતની લોકશાહી વધતી વસ્તી, નિરક્ષસ્તા અને ગરીબીના દબાણવશે આજે પણ છતા સંસાધને કૂપ-મંડૂકપણામાં જીવન વ્યતીત કરે છે. જળ છે તો જીવન છે. આ વિચારથી આગળ WaTER IS WELTH તરીકે પ્રસ્થાપિત થયું છે ત્યારે વ્યાપારી બુધ્ધિધન ધરાવતાં ગુજરાતીઓએ નદી જોડવાની પ્રક્રિયામાં અગ્રેસર રહેવા જેવું છે. રાજ્ય સરકારે પ્રજા પાસે વિશાળ હેતુની વાત ચૂંટણીના મેનીફેસ્ટો તરીકે મૂકવા જેવી છે તેમ ભારત સરકારે પણ દેશની લોકશાહી તાસીરને જોતાં નદી જોડની યોજના પ્રદેશલક્ષી બનાવી ગુજરાતને પ્રોત્સાહિત કરી એક રાજ્યની ખેતીને 100 % સિંચાઈ સુવિધા આપવી જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### અતિશય ગરમી કુદરતી નહીં, ખોટા વિકાસ મોડેલનું પરિણામ

દેશભરમાં વધી રહેલી અસહ્ય ગરમી, પાણી સંકટ અને પર્યાવરણીય વિનાશ અંગે જાગૃત નાગરિકોએ ગંભીર ચિંતા વ્યક્ત કરી સરકારની વર્તમાન વિકાસ નીતિઓ સામે સવાલો ઉઠાવ્યા છે. નિવેદનમાં જણાવાયું કે આજે 50 ડિગ્રી સુધી પહોંચતી ગરમી માત્ર કુદરતી ફેરફાર નહીં, પરંતુ માનવસર્જિત અને ખોટા "વિકાસ મોડેલ"નું સીધું પરિણામ છે. વનનાબૂદી, હાઈવે-એક્સપ્રેસવેના નામે કુદરતનો વિનાશ, વૃક્ષારોપણના નામે ભ્રષ્ટાચાર અને પર્યાવરણ પ્રત્યેની સરકારી ઉદાસીનતાએ દેશને "હીટ ચેમ્બર" જેવી પરિસ્થિતિ તરફ ધકેલી દીધો હોવાનો આક્ષેપ કરાયો. ખાસ કરીને અરવલ્લી સહિતના પર્યાવરણીય વિસ્તારોના રક્ષણ માટે ચાલી રહેલા આંદોલનોને અવગણવામાં આવી રહ્યા હોવાની ટીકા કરવામાં આવી. સરકાર પાસે "વિકાસ નહીં, સુખ" આધારિત નીતિ અપનાવવાની માંગ સાથે વૃક્ષો બચાવો, વૃક્ષો વાવો, પર્યાવરણ બચાવો અને પ્રકૃતિ વિરોધી પ્રોજેક્ટો સામે જનઆંદોલન ઊભું કરવાની અપીલ કરવામાં આવી. વધતી આગ, હીટવેવ અને પાણીની તંગીને વ્યાપક માનવીય આપત્તિ ગણાવી તાત્કાલિક નીતિ પરિવર્તનની માંગ ઉઠાવવામાં આવી.

**સુરત - આશિષ ટેલર**

### "પ્રતિનાદ"

કોઈ મંદિર કે ખંડેર ઈમારતમાં જઈને મોટા અવાજે બોલો તો સામેથી જે અવાજ સંભળાય તેને પ્રતિનાદ (પડઘો) કહેવામાં આવે છે. તેવીજ રીતે જિંદગીમાં માનવ જાતે એવા સારા કર્મો કરવા જોઈએ જેથી તે યાદગાર-ચિરંજીવી બની જાય અને વ્યક્તિ હયાત ન હોય તો પણ તેના નામની ગુંજ સંભળાતી રહે.સુરતના ગઝલકાર ગની-દહીંવાલાએ સાચે જ લખ્યું છે. "જિંદગીનો એ જ સાચો પડઘો છે. "ગની" હોય નહી વ્યક્તિને નામ બોલાયા કરે." હવે ગની ચાચા હયાત નથી. પરંતુ તેમની ઉત્કૃષ્ટ ગઝલો કવિ સંમેલન-મુશાયરામાં પ્રસ્તુત થાય છે.તેવી જ રીતે પ.પૂ. રંગ અવધૂતજીના ધામ નારેશ્વર જાવ તો માર્ગમાં "નારેશ્વરના નાદ" ગુંજતો રહે છે.આ એક ભક્તિ અને શ્રદ્ધાનો પુરાવો છે. આમ કામ એવા કરી જાવ કે નામ બની જાય. સ્વ.પ્રવિણકાંત રેશમવાળા એ જે "ગુજરાત મિત્ર" નામનું બીજ રોપ્યું હતું તે આજે વટવૃક્ષ બની ગયું છે. ૧૬૩ વર્ષ પછી પણ અડીખમ છે. ભલે શ્રી પ્રવિણકાંત રેશમવાળા તથા શ્રીમતી અવંતિકા બહેન બંને હયાત નથી. પરંતુ તેમનો વારસો શ્રીભરતભાઈ રેશમવાળા શ્રીમતી કેતકીબેન તથા તેમના સુપુત્રો મિલિન્દભાઈ, રુચીરભાઈ નિભાવી રહ્યા છે.આ પણ ભૂતકાળના નાદ નો પ્રતિનાદ જોવા મળે છે. ગુજરાત મિત્રએ સિદ્ધાંતો બાબતે કદી બાંધ છોડ નથી કરી એટલે જ વિશ્વસનિયતા અકબંધ રહી છે.

**તરસાડા - પ્રવીણસિંહ મહીડા**

### વિશ્વ પુસ્તક દિન

મારા અભિપ્રાય પ્રમાણે પુસ્તક એટલે 24x7 નો આપણો વિશ્વાસુ મિત્ર. - પુસ્તક વાંચન તે નવલિકા/કાવ્યરચના/ગઝલ/વાર્તાસંગ્રહ હોય મનને માજીને જીવન જીવવાની શૈલીને પ્રોત્સાહક બનાવે છે. માનસિક Stress ઘટાડે છે. - પુસ્તક/મેગેઝિન નિત્ય વાંચવાથી સમયનો સદઉપયોગ થાય છે. તે ઉપરાંત આપણી ભારતીય સંસ્કૃતિને ઉજાગર રાખે છે. આપણા પવિત્ર ધર્મગ્રંથોનું વાંચન, મનને શાંતવન બક્ષે છે અને પારિવારિક એકતા અકબંધ રાખવાનું કહે છે. એક સંકલ્પ જરૂર કરીએ કે શુભ પ્રસંગોની ભેટમાં એક પુસ્તક જરૂર ભેટ આપજો અને આમ પુસ્તક વાંચનના પ્રવાહને વહેતો રાખશો.

**સુરત - દિપક બી. દલાલ**

### સચીન તેંડુલકર

તા.૨૪ એપ્રિલ, એક એવી વ્યક્તિનો જન્મદિવસ કે જેને કોઈ ઓળખાણની જરૂર નથી. પાના અને પુસ્તકો ભરીને જેને વિશે લખાયું છે એ, ભારત સરકારના ચારેય નાગરિક સન્માનો મેળવનાર, રાજ્યસભાના સભ્ય, માસ્ટર બ્લાસ્ટર અને પરિચિતોમાં તેન્ડુલ્યાના નામે ઓળખાતા ક્રિકેટ વિશ્વના ઘણા બધા વિક્રમોને પોતાની સાથે જોડીને તેને ગૌરવ અપાવનારા,ભારતમાં ક્રિકેટના ભગવાન ગણાતા અને દિગ્ગજ બેટ્સમેન ડોન બ્રેડમેને પણ જેની પ્રસંશા કરી હતી એ સચીન રમેશ તેંડુલકરનો જન્મ ૨૪/૪/૧૯૭૩ના રોજ થયો હતો. ભારતીય ક્રિકેટ ટીમના આ ભૂતપૂર્વ કપ્તાન એક દિવસીય મેચમાં પહેલી બેવડી સદી કરનાર એકમાત્ર એવો ખેલાડી છે કે જેણે આંતરરાષ્ટ્રીય મેચોમાં શતકનો આંકડો પાર કરી ૪૬૩ એક દિવસીય મેચોમાં ૪૪.૬૩ રનની સરેરાશ સાથે ૧૮૪૨૬ રન કર્યા છે.૨૦૦ ટેસ્ટ મેચોમાં ૫૩.૭૮ રનની સરેરાશ સાથે ૧૫૯૨૧ રન કર્યા છે.સર્વોચ્ચ ૨૪૮ ટેસ્ટમા ૪૬ અને વન ડે માં ૧૫૪ વિકેટો પોતાની બોલિંગથી ઝડપી છે. તેમણે વન ડે માંથી ૨૦૧૨માં અને ટેસ્ટમાંથી ૨૦૧૩ માં નિવૃત્તિ લીધી હતી. ટેસ્ટ મેચોમાં ૫૧ અને વન ડે માં ૪૯ એમ કુલ ૧૦૦ સેન્ચુરી તેમના નામે બોલે છે.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

### સુપ્રીમ કોર્ટનું શાસન સમજવું મુશ્કેલ

દેશની સર્વોચ્ચ અદાલતમાં આજે છેલ્લા દસ વર્ષથી સાતથી આઠ લાખ બેન્ક નિવૃત્તોના કેસમાં છેલ્લા બે ત્રણ વખતથી ના સમજાય તેવું બને છે. શરૂઆત ૯-૪થી થઈ, એ દિવસે અમારા કેસની તારીખ ૧૫ અપાઈ હતી પણ કેસ ન ચાલ્યો પછી ૧૬ તારીખે બોર્ડ પર અમારા કેસનો નંબર બીજો જ હતો, પણ પહેલા નંબરનો કેસ એટલો લાંબો ચાલ્યો કે અમારા કેસ માટે આદરણીય જજ સાહેબે ૨૨-૦૪-૨૬ ની તારીખ આપી, પરંતુ તા.૧૭ એપ્રિલે કેન્દ્ર સરકારના વકીલશ્રીએ જજ સાહેબ પાસે અમારા કેસ માટે બે અઠવાડિયા પછીની મુદત માંગી, પરંતુ તા. ૧૮-૦૩-૨૦૨૬ નાં મુખ્ય ન્યાયાધીશશ્રીના પરિપત્રને આધારે એમને અમારો કેસ જ્યાં ચાલે છે તે કોર્ટ નંબર ૨ નાં જજ સાહેબે એ મુદત આપવાનો ઈનકાર કર્યો. હવે અમારા કેસની તારીખ કઈ આવશે તેનાથી અમે નિવૃત્તો અજાણ છેએ, પણ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશશ્રી ને મારી નમ્ર વિનંતિ છે કે હવે અમારી જે તારીખ આપો તે તારીખે બે ન્યયાધીશ સાહેબોની બેન્ચ જ રહે અને તે દિવસે હવે અમારો નંબર ૧૦૧ છે તેજ રહે તેવી સૂચના રજિસ્ટ્રી વિભાગને આપવાની કૃપા કરશોજી.

**સુરત - રાજેન્દ્ર કર્ણિક**

### આંખે ઉડીને વળગે એવું ચૂંટણી આયોજન

હાલમાં જ ગુજરાતમાં જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી પૂરી થઈ. સામાન્ય રીતે ચૂંટણી ફરજ બજાવતા સ્ટાફ માટે ચૂંટણીના બે દિવસો અત્યંત ત્રાસદાયક અને થકવી નાંખનારા હોય છે. પરંતુ આ વખતે ઓલપાડ તાલુકામાં જે ચૂંટણી આયોજન થયું તે આંખે ઉડીને વળગે તેવું હતું. પ્રાંત સાહેબ ઓલપાડ કે જેઓ મુખ્ય ચૂંટણી અધિકારી તરીકેની ફરજ બજાવી રહ્યા હતા અને સમગ્ર ચૂંટણી આયોજન કરવામાં એમણે જે સૂઝબૂઝ અને ચપળતા બતાવી એ કાબિલે તારીફ છે. સૌ પ્રથમ તો સુરત એસ.એમ.સી.માંથી મળેલ સ્ટાફમાંથી મહત્તમ યંગ સ્ટાફની પસંદગી કરી જેમાં પચાસ ટકા જેટલો સ્ટાફ બિનઅનુભવી હતો તેને યોગ્ય તાલીમ આપી સજ્જ કર્યો. ચૂંટણીના દિવસે કોઈપણ ફરિયાદ કે ક્ષતિ વિના ચૂંટણી પૂર્ણ કરી. રીસીવિંગ સેન્ટર પર રાત્રે 10:30 કલાકે તો સામગ્રી જમા કરાવી સુંદર ભોજન લઈ સમગ્ર સ્ટાફ હસતા મોઢે ઘરે રવાના થઈ ગયો! આ ઉપરાંત એક વાત જેણે ખાસ ધ્યાન ખેંચ્યું તે એ કે પ્રાંત સાહેબે પોતાના તમામ ચૂંટણી સ્ટાફને કોઈ અગવડ ન પડે તે માટે ચૂંટણી સાહિત્ય સાથે ટૂથ બ્રશ, ટૂથ પેસ્ટ, કોપરેલ, નાસ્તા માટે બિસ્કિટ અને દવા જેવી વસ્તુઓ મૂકીને માનવતાના દર્શન કરાવ્યા હતા. આવું સુવ્યવસ્થિત આયોજન એ એમની કાબેલિયતનો બોલતો પુરાવો છે. યંગ અને ડાયનેમિક પર્સનાલિટી ધરાવતા ઓલપાડ પ્રાંત સાહેબને ચૂંટણી આયોજન માટે અઢળક અભિનંદન !

**જહાંગીરાબાદ - ચંદ્રકાન્ત સોલંકી**

### આત્મ સંતોષ સિવાય બધું વ્યર્થ

ગુજરાતીમાં કહેવત છે કે "કોઈનો મહેલ જોઈને આપણી ઝુંપડી તોડી ન નખાય"કહેવાનો અર્થ એ નથી કે મહેલ માટે પ્રયત્ન જ ન કરવો. જીવનમાં કંઇક મેળવવું હોય તો મહેનત તો જરુરી છે, વિદ્યાર્થી કાળ દરમિયાન વાંચવા વિના સફળતા મળી નથી જતી તે જ પ્રમાણે યુવાનીમાં પૈસા કમાવા મહેનત જ કરવી પડે. પણ જીવનમાં માનવીના લોભ ને કોઈ પહોંચી શકે નહી, ઘણું બધું મેળવી લીધી પછી પણ ન મળ્યાં નો શોક ન કરવો જોઈએ જીવનમાં આત્મ સંતોષ સિવાય બધું વ્યર્થ છે

**સુરત - ચંદ્રકાંત રાણા**